નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ચાંદની શાહી પથારી જોઈએ.
તારલે ઝગમગ અટારી જોઈએ.

આંખ ખોલું ત્યાં જ તું નજરે ચઢે.
પાંપણે તારી સવારી જોઈએ.

તું જ છે પર્યાય મારા બાગનો,
આ હૃદયમાં મ્હેક તારી જોઈએ.

શબ્દ જ્યારે મૌન પાળે પ્રેમમાં
આંખ હળવે મીંચકારી જોઈએ.

- 'શર્મિષ્ઠા શબ્દ કલરવ'

પાથેય

શાહી સવારી

- રમેશ ઠક્કર

જે રીતે કોઈકને ઉપહાર કે ભેટ આપવા માટેની અલગ આવડત હોય છે.એ જ રીતે કોઈકની પાસેથી કશું માગવાની કે પામવા માટેની એક અલગ શિસ્ત હોય છે. એવું કહેવાય છે કે સામેનું પાત્ર કેટલું મજબૂત કે ખાનદાન છે એ આધાર ઉપર આપણી માગણી હોવી જોઈએ.કોઇકના પ્રેમ કે સ્નેહનો મુખ્ય આધાર આમ તો લાગણી છે.આમ છતાં માણસે કોઈની પાસેથી કશુંક પામવું હોય તો ચોક્કસ પ્રકારની સજ્જતા રાખવી પડે છે.કવિ કહે છે કે મારે ચાંદની શાહી પથારી જોઈએ ! લોકો પથારી એટલે એક શુષ્ક બાબત ગણતા હોય છે. કવિઓ ચાંદની પથારી માંગે છે.એ પણ કેવી ? તારલે ઝગમગતી હોય એવી ઝળહળ.કોઈકના ઇન્તજારનો અનોખી મજા હોય છે.આપણે દરેક વસ્તુને કે દરેક ગમતી ચીજને એટલી તીવ્રતાથી નથી ચાહતા. ઘણીવાર પામવા કરતા વિરહમાં મજા રહેલી હોય છે. સામાન્ય રીતે લોકો મિલનને સફળતા ગણતા રહે છે,પરંતુ કેટલીક પ્રતીક્ષા એવી હોય છે જેમાં સતત પ્રતીક્ષારત રહેવાની મજા હોય છે.એટલે જ એક એવો ભાવ આપણા હૃદયની આરપાર હોવો જોઈએ કે આંખ ખોલીએ તો આપણી પ્રિય વ્યક્તિનો જ સાક્ષાત્કાર થાય ! કવિ કહે છે કે પાંપણો ઉપર એવી વ્યક્તિની જ સવારી હોવી જોઈએ.ઇચ્છાઓનો એક બગીચો હોય છે અને એ બગીચામાં જે ફૂલો હોય છે એ આપણી અંગત લાગણીઓનાં હોય છે.બાગ એટલે કોઈ મનગમતી વ્યક્તિ કે મનગમતો પ્રસંગ.આવા બાગ માટે તો આપણા હૃદયમાં જે ભાવ અથવા તો પ્રેમની મહેક હોય છે એ જ સાચી પુરવાર થઈ શકે.કોઈ પણ શબ્દો જ્યારે મૌન બનીને પ્રેમ અથવા લાગણીની દરકાર કરે કે એનું સન્માન કરે એ બોલતા શબ્દો કરતા અનેકઘણું અસરકારક હોય છે.આવી અભિવ્યક્તિ કોઈ મુખર ઘટનાઓની મોહતાજ હોતી નથી.એની સંમતિ પણ એટલી જ મૌન અને સૂચક બને છે.શબ્દ જ્યારે પ્રેમમાં મૌન પાળે છે,ત્યારે હળવેથી આંખ મિચકારી એનો સ્વીકાર કરવાનો હોય છે. આમ જોઈએ તો આ એક સહજ ઘટના છે.જે પ્રયત્ન કરવા છતાં પણ બધા જ લોકો એ રીતે વર્તી શકતા નથી !

શિંગોડાની સંગાથે?..શિયાળાનો સહચાર..

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે આપણી ચોતરફ એક સરસ માહોલ ઊભો થઈ રહ્યો છે શિયાળાની ઓળખ ઠંડી તો ખરી; પરંતુ આ સિઝનમાં જુદા જુદા ફળોની જે મજા હોય છે એ પણ એક વૈભવ છે. હમણાં મહીસાગર જિલ્લામાંથી પસાર થવાનું થયું.એના વિવિધ તળાવો જોઈને મન પ્રફુલ્લિત થઈ ગયું. એમાં પણ વરધરી ગામનું તળાવ એ તો અજાયબી જેવું છે. આ તળાવમાં હવે શિંગોડા આવવાના શરૂ થશે. તળાવના નયનરમ્ય કાંઠા ઉપર શિંગોડા વેચતા લોકો નાનકડી લારી કે આકર્ષક નાનકડો સ્ટોલ બનાવી શિંગોડા વેચતા હોય છે.આ પ્રદેશના શિંગોડા અને એનો સ્વાદ માણવો એ અદભુત અનુભવ છે.શિંગોડા?બાબતે લોકોમાં જાતજાતનું કુતુહલ જોવા મળે છે..શિંગોડાનો દેખાવ જોઈ થાપ ખાઈ જવાય.એનો? સ્વાદ એ જ એની ઓળખ છે. શિંગોડા એ જળનું ફળ કહેવાય છે એની માયા ગજબ છે.

જે ગામ પાસે તળાવની વિરાસત હોય કે મોટાં સરોવર હોય અથવા વોટર બોડી હોય એવા ગામોમાં શિંગોડાની ઓળખ આપવાની રહેતી નથી. ક્યાંય આપોઆપ પાકે છે અને પાણીમાં એનો સહજ ઉદભવ થાય છે.અમુક લોકો એની ખેતી કરે છે.અને પદ્ધતિસર એને ઉગાડે છે.શિંગોડા એ ઘણા લોકો માટે આજીવિકાનું સાધન છે. એના ઉપર ઘણા પરિવારો નભે છે અન્ય ફળો કે શાકભાજી કુદરતી રીતે જે સ્વરૂપમાં મળે એ રીતે જ આપણે એનો ઉપયોગ કરીએ છીએ પરંતુ શિંગોડા એક એવું ફળ છે જે કુદરતી સ્વરૂપમાં મળ્યા પછી એના ઉપર ખાસ પ્રક્રિયા કરવી પડે છે અને એના દેખાવ રંગ રૂપને? વિશિષ્ટ માવજત આપી નવો આકાર આપી એક નવા રંગ રૂપ આપી લોકો માટે તૈયાર કરવામાં આવે છે.

શિંગોડા એ જળમાં ઊગેલું ફળ છે. માણસ એક વખત એનો સ્વાદ ચાખી જાય એ કાયમી એનો ચાહક બની જાય છે.ઈડર પાસે રાણી તળાવના કાંઠે કદાચ ગુજરાતના શ્રેષ્ઠ સિંગોડા પાકે છે.એ તળાવનો અદભુત નજારો અને એના કાંઠે બહારના ભાગે બેઠેલા શિંગોડા વેચનાર પરિવારો એક અદભુત દ્રશ્ય ખડું કરે છે.રોડ ઉપરથી પસાર થતા વાહનો ત્યાં આપોઆપ રોકાઈ જાય છે.શિંગોડા ખરીદે છે.ઘડીક ઊભા રહીને પરિવાર સાથે એની લિજ્જત માણે છે..સફરને?. યાદગાર બનાવે છે.

કેટલીક રસપ્રદ વાતો જે વાંચવા મળે છે..."શિંગોડા જેને હિંદી ભાષામાં સિંઘાડ઼ા અને સંસ્કૃત ભાષામાં શ્રૃંગાટક કહેવામાં આવે છે. શિંગોડા પાણીમાં ઊગતી વનસ્પતિનું એક ત્રિકોણ આકાર ધરાવતું ફળ છે. આ વનસ્પતિનો છોડ પાણીમાં તરતો રહેતો હોય છે અને ફળ પાણીમાં ડુબેલા રહેતા તેના મૂળ પર લાગે છે. આ ફળના શીર્ષના ભાગ પર શિંગડાની જેમ બે કાંટા હોય છે, જેના કારણે તેને શિંગોડા કહેવામાં આવે છે. ચીની ખોરાક માટે આ ફળ એક અભિન્ન અંગ ગણાય છે. આ ફળને છોલીને તેના ગરને સુકવી અને ત્યારબાદ દળીને લોટ બનાવવામાં આવે છે. આ લોટમાંથી બનાવવામાં આવેલી ખાદ્ય વસ્તુઓનું ભારત દેશમાં લોકો શીરો બનાવી વ્રત ઉપવાસ સમયે સેવન કરે છે, કારણ કે તેને એક અનાજ નહીં પરંતુ એક ફળ તરીકે માનવામાં આવે છે.

આ ઉપરાંત ભારતમાં શિંગોડાના ફળને લીલાં હોય ત્યારે એટલે કે તાજાં તોડેલાં હોય ત્યારે બાફીને પણ ખાવામાં આવે છે. બજારમાં વેચાણ માટે મુકવામાં આવતાં શિંગોડાંના ફળના બાહ્ય આવરણને કાળા રંગ વડે રંગી તેની સજાવટ કરવામાં આવે છે.શિંગોડા ખાસ લોકપ્રિય ફળ ન હોવા છતાં આપણે સહુ તેને સારી રીતે તેને ઓળખીએ છીએ.કારણકે તે સાવ સ્થાનિક પ્રકારનું ફળ પણ નથી જ.વાસ્તવમાં તેનો ઘેરો કાળો રંગ અને તેનો અનિયમિત સ્વરૂપનો વિચિત્ર આકાર તેને લોકપ્રિય થવા દેતા નથી.અંગ્રેજીમાં તેને ઈન્ડિયન વોટર ચેસ્ટનટ કે કેલટ્રોપ તરીકે ઓળખવામાં આવે છે. Eleocharis dulcis, the Chinese water chestnut or water chestnut

આ શિંગોડા/ કેલટ્રોપ ટ્રેપા જાતિનો એક જળીય છોડ છે. આપણે તેનો જે સફેદ ભાગ ખાઈએ છીએ તે વાસ્તવમાં આ વનસ્પતિનું બી છે.આ બી વિચિત્ર આકાર અને અરુચિકર રંગના કોચલામાં ઘેરાયેલું હોય છે.શિંગોડા ત્રણ જલીય છોડમાંથી મળી આવે છે.ટ્રેપા બાયકોર્નિસ લિંગ અથવા હોર્નનટ, ટ્રેપા નેટન્સ અને ટ્રેપા અથવા જેસુઈ નટ.

જેમાંથી આપણા શિંગોડા મળી આવે છે તે ટ્રેપા બિસ્પીનોસા નામનો છોડ છે.આ દરેક છોડના ફળ ને વોટર ચેસ્ટનત જ કહેવાય છે પરંતુ મૂળ શિંગોડા થી ઘણા અલગ છે.ઈન્ડિયન ચેસ્તનાટની માફક એક બીજી જાતિ ચાઈનીઝ જલિય ચેસ્ટનટની પણ છે. જો કે તે એક અલગ પ્રકારનો છોડ છે અને તેને એલોચેરિસ ડલ્સીસ તરીકે ઓળખવામાં આવે છે. આ છોડમાંથી ખોરાક તરીકે ઉપયોગમાં લેવાતાં કોર્મ મળે છે.આ કોર્મ એક નાનું એવું ભૂગર્ભ સ્ટેમ છે જે ગોળા જેવા આકારનું હોય છે. ચાઈનીઝ વોટર ચેસ્ટનટ ફળ કે બીજ નથી, પરંતુ તે જળીય શાક છે.

શિંગોડાં તળાવમાં થતાં ફળ છે. પાણીમાં તેના લાંબા વેલા થાય છે. તેને કારેલીનાં જેવાં પાન થાય છે. ફળનો આકાર ત્રિકોણ જેવો, બીજાં તમામ ફળોથી અનોખો હોય છે. જે તળાવમાં ભાદરવા માસ સુધી પાણી ભરાઈ રહેતું હોય તેમાં તેની રોપણી કરાય છે. રોપણી હોળી પછી કરાય છે. ભાદરવા સુધી શિંગોડાનાં ફળને પાણીમાં જ પાકવા દેવામાં આવે છે. આસો માસ આવતાં ભોઈ, કહાર કે બાથમ જ્ઞાતિનાં લોકો એ ફળો પાણી બહાર કાઢી, તેમને હીરાકસીવાળા પાણીમાં રાખી, ફળ ઉપરની સખત છાલને કાળા કોલસા જેવી રંગી નાંખે છે. તે પછી તે ફળને ગરમ પાણીમાં બાફી લઈ, ખાવાલાયક કરાય છે. ત્રિકોણ આકારનાં ફળને બે બાજુ સૂડીથી થોડું થોડું કાપીને, તેને દેખાવે સારા કરી બજારમાં વેચાય છે. આવાં ફળ પ્રાયઃ તાજાં જ ખવાય છે. આસોથી માગશર માસ સુધી ગુજરાતમાં તેની સિઝન ચાલે છે. તેની બે જાતો થાય છે : કાંટાવાળાં તથા બોડાં (કાંટા વગરનાં).

ગુજરાતમાં અમદાવાદ શહેરમાં શિંગોડાનું જથ્થાબંધ બજાર છે. કાંટાવાળાં શિગોડાં ગુજરાતના દાહોદ તથા પંચમહાલ જિલ્લામાંથી તથા મધ્યપ્રદેશના ઈન્દોર અને ઉજ્જૈન પંથકમાંથી અમદાવાદમાં વેચાવા આવે છે, જ્યારે બોડાં કે બેડિયાં શિંગોડાં ગુજરાતનાં ખેડા તથા સાબરકાંઠા જિલ્લાનાં તળાવોમાંથી આવે છે.

શિંગોડાં ગુજરાતમાં માત્ર ૩ માસ દરમિયાન જ મળે છે. આ જળફળ ગુણમાં ખૂબ શીતળ હોય છે. તાજાં (બાફેલાં) ફળ લોકો પ્રેમથી ખાય છે. તે ફળને ઉપરનાં કઠણ કોચલામાંથી બહાર કાઢી, સૂકવીને તેનો લોટ કરાય છે. ગુજરાતમાં શિંગોડાંનો લોટ ફરાળી વાનગીઓ બનાવવા માટે વપરાય છે.

ભારતમાં શિંગોડા ની ખેતી ઓછામાં ઓછા ૩,૦૦૦ વર્ષથી કરવામાં આવે છે. તે બાફેલા કે કાચા પણ ખાઈ શકાય છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, ચીન, તાઈવાન અને ઓસ્ટ્રેલિયામાં પણ તેની ખેતી થાય છેશિંગોડા એ એક મોસમી ખાદ્ય ચીજ છે, તેથી જ્યારે પણ તેની મોસમ આવે ત્યારે તમારે તેનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરવું જોઈએ કારણ કે તેમાં વિટામિન એ અને વિટામિન સી પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આ જ કારણ છે કે શિંગોડાને આરોગ્ય માટે વરદાન પણ માનવામાં આવે છે. તેને સૂકવીને આયુર્વેદિક દવાઓ બનાવવામાં આવે છે. તેને સામાન્ય રીતે ખાવાથી પણ ઘણા ફાયદા પણ મળે છે.

ગુણધર્મ : આયુર્વેદ મુજબ શિંગોડાંનાં ફળ સ્વાદે મધુર, તૂરાં, થોડાં વાતલ, શીતલ, પચવામાં ભારે, રુચિપ્રદ, કફકર્તા, અતિવૃષ્ય (વીર્ય-વર્ધક), ગ્રાહી (ઝાડો બાંધનાર), તર્પણકર્તા અને બાદીકર્તા તથા (કફજ) પ્રમેહવર્ધક છે. શિંગોડાં પિત્તદોષ, દાહ, ગરમી (પિત્તજ), પ્રમેહ, ભ્રમ (ચક્કર), રક્તદોષ, સોજો, સંતાપ, રક્તસ્રાવ, સગર્ભાનો રક્તસ્રાવ, અતિઆર્તવ અને રતવાનો નાશ કરનાર, ગર્ભનો છોડ થયો હોય કે ગર્ભ સુકાયો હોય ત્યારે તેને ફરી પોષણ આપી વધારવાનું કાર્ય કરનાર ઔષધિ છે. તે

અનુસંધાન પાના નં. ૭ પર

દાંતની ઈજા : કારણો, લક્ષણો તથા સારવાર

દંત-ચિકિત્સા
ડો. બિંદી મિહીર પંડ્યા

થોડા સમય પહેલા અમારા ક્લિનિકમાં એક ૧૫ વર્ષનો કિશોર સારવાર્થે આવ્યો હતો. તેને તેના ઉપરનાં જડબાનાં દાંત આગળ પડતા લાગતા હતા. પ્રાથમિક તપાસમાં તેના દાંત આગળ પડતાં તેમજ વાંકાચૂકા હોવાના લીધે તેને ઓર્થોડોન્ટિક સારવારની સલાહ આપી છે. સાથોસાથ અમને ક્લિનિક ચેકઅપમાં એ પણ ધ્યાનમાં આવ્યું કે તેના આગળનાં બે દાંત તૂટેલા હતા. તેના વિશે પૂછતાં તેને જણાવ્યું કે ૭-૮ વર્ષ પૂર્વે ફૂટબોલ રમતા તે પડી ગયો હતો, તેના લીધે દાંતમાં ઈજા પહોંચી હતી, અને દાંત તૂટી ગયા હાત. આજનો દિવસ દાંતની ઈજા અને તેના વિવિધ પ્રકાર તથા તેની સારવાર છે.

દાંતની ઈજા એ મોઢામાં / ચહેરા પર થતી ઈજાઓમાં ઘણી સામાન્ય છે. તે કોઈ પણ ઉંમરે થઈ શકે છે.

● નાના બાળકોમાં - ચાલતા શીખવાની ઊંમરમાં ખુરશી / ખાટલા પરથી પડી જવાની લીધે અકસ્માત.

● કિશોરોમાં મુખ્યત્વે - રમતગમત દરમિયાન થતો ઈજાઓ અને વયસ્કોમાં અકસ્માતનાં લીધે ઈજા પહોંચી શકે છે.

● દાંતની ઈજાના કારણો :
- દાંત પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થતી ઈજાઓ
- રમતગમત દરમિયાન થતી ઈજાઓ
- ઘણી વાર કડક વસ્તુ પણ ચાવવાનાં લીધે
- બાળકોમાં છોકરાઓમાં છોકરીઓની તુલનામાં વધારે ઈજા પહોંચે છે.

● દાંતમાં ઈજા થવાનાં પરિબળો :
- ઉપરનાં દાંત વધારે પડતા આગળ હોવાથી
- ઉપરનાં અને નીચેનાં દાંતમાં વધારે તફાવત હોવો

● દાંતની ઈજાના પ્રકારો :
- ઈનેમલ ક્રેક / ફ્રેકચર
- ઈનેમલ તથા ડેન્ટિનમાં ઈજા (દાંતની નસમાં ઈન્ફેકશન)
- દાંતનાં મૂળિયામાં ફ્રેકચર
- કન્કશન
- લકસેશન (દાંતનું હલવા લાગવું)
- લેટરલ ડિસપ્લેસમેન્ટ (દાંતનું કોઈ પણ બાજુમાં ખસી જવું)
- ઈન્ટ્રુશન (દાંતનું અંદરની તરફ ખસી જવું.)
- એક્સ્ટ્રુશન (દાંતનું બહારની તરફ ખસી જવું.)
- એવ્લશન (દાંતનું સોકેટરમાંથી બહાર નીકળી જવું.)

● દાંતની ઈજાનું નિદાન

સૌપ્રથમ દર્દીને આવશ્યક તમામ જાણકારી અને માહિતી લેવી જરૂરી છે. જેમ કે -
- ઈજા કયારે, કયાં અને કેવી રીતે પહોંચી ?
- આ દાંતમાં પહેલાં કયારેક ઈજા પહોંચી છે ?
- દાંતમાં ઈજા પહોંચતા ચાવવામાં તકલીફ પહોંચે છે ?

ક્લિનિકલ ચેકઅપ - મોઢાનાં સોફ્ટ ટિશ્યુ માં ઈજા થવી.
ચેકઅપનાં તબક્કા :
દાંતમાં ઈજા
(ફ્રેકચર / દાંત ખસી જવું)
દાંતની નસમાં ઈજા પહોંચી છે કે નહીં તે ચેક કરવું.
હાંડકામાં ઈજા

● નિદાનની પદ્ધતિ :

ક્લિનિકલ ચેકઅપની સાથોસાથ આવશ્યકતા અનુસાર એક્સ-રે તથા નસ જીવંત છે કે નહીં તે જાણવા પલ્પ વાઈયલિટી ટેસ્ટ કરાવો જરૂરી બને છે. સાથોસાથ દાંતમાં કેક અથવા ફ્રેકચર છે કે નહીં, તેની ચકાસણી કરવા માટે બાઈટ ટેસ્ટ પણ કરી શકાય.

ઘણી વાર જો ઈજા હાડકા સુધી પહોંચાવનો ભય હોય તો **CBCT** લઈને તથા સોફ્ટ ટિશ્યુ ઈન્જરીના કેસમાં **MRI** પણ સહાયક બને છે.

તો મિત્રો આજે આટલું જ, આવતાં અંકમાં આપણે દાંતની અલગ અલગ પ્રકારની ઈજાઓમાં નિદાન તથા સારવાર વિશે વધુ માહિતી મેળવીશું.

સાપ્તાહિક રાશિફળ

તા. ૦૭/૧૧/૨૨ થી ૧૩/૧૧/૨૨

વિષ્ણુભાઈ વૈષ્ણવ
જ્યોતિષાચાર્ય

૧. મેષ રાશિ :

આ સપ્તાહ નવા આયોજન કરાવશે. ભાઈ-ભાંડુઓ સાથે સુમેળ ભર્યા સંબંધ રાખવા પ્રયત્ન કગરવો. દાંપત્ય જીવનમાં સુમધુરતા લાવવી જેથી આ સપ્તાહે વિવાદીત પ્રશ્નો ઊભા ન થાય. આ અઠવાડિયે ધાર્મિક ક્ષેત્રે નાણાંનો વપરાશ થાય. જે ખર્ચ આપશે. પરંતુ માનસિક શાંતિનો અનુભવ કરી શકશો. સૂર્ય નીચ રાશિમાં જે વિવાદ ઊભો કરાવી શકે. વૈભવ-વિલાસમાં ખર્ચ ન થાય તે જોશો. નાના યાત્રા-પ્રવાસ થાય. તેમાં કાળજી રાખવી. આરોખ્ય માટે લીલા-શાકભાજી ખાવા. જોખમી યોજનાઓ મુલત્વી રાખવી. સમાજમાં માન- સન્માન વધશે. મહેનતનું ફળ જરૂર મળે. હનુમાનજીને કેસરી ચોલા અને સિંદુર ચઢાવવું.

૨. વૃષભ રાશિ

આ અઠવાડિયે ઘરમાં વડીલોની સલાહ શિરે ચઢાવી કામ કરવું. નાણાં વ્યર્થ ન જાય માટે બજેટ યોજના બનાવવી. કુટુંબમાં નવા મહેમાન આવી શકે છે. પારિવારિક વાતાવરણમાં સકારાત્મકતા આવશે. માનસિક તાણ હળવી થશે. રાહુ મહારાજની ૧ ૨મે સ્થિતિ નાણાંકિય વ્યય કરાવશે. સાથે પરદેશ ગમનની ઈચ્છા હોય તે પૂર્ણ થઈ શકે. કાર્યસ્થળ પર તમારી ઓળખ વધે. વિદ્યાર્થીઓ માટે કોઈ પણ પરીક્ષાની કાળજીપૂર્વક તૈયારી કરવી. સફળતા મળે. ભાગ્યોદય અર્થે શનિ ઉપાસના કરવી.

૩. મિથુન રાશિ :

આ સપ્તાહે વક્રી ગુરુ તમારા વ્યવસાયમાં પરિવર્તન કરાવી શખે. યથાવત સ્થિતિ એ શુભત્વ પ્રાપ્ત કરશો. અષ્ટમમાં શનિ શારીરિક હાનિ તેમજ અકસ્માત આપી શકે છે. વાહનથી સંભાળવું.

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ ધાર્યુ પરિણામ મેળવી આપે. મહેતનનું ફળ જરૂર પ્રાપ્ત થાય. હિંમત આત્મવિશ્વાસ વધશે. જીવનને લગતાં નિર્ણયો જાતે લઈ શકો. સારી કમાણી કરશો. સામાજિક પ્રવૃત્તિમાં રસ લેશો. પ્રેમસંબંધ સુધરશે. નોકરીમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરવા. વિવાહિત જીવન સુમધુર પસાર થશે. વ્યવસાયમાં સફળથા સારું ગુરુની ઉપાસના કરવી. દાન-ધર્મ કરવા. સાનુકૂળતા રહશે.

૪. કર્ક રાશિ :

આ સપ્તાહ સંપત્તિમાં વૃદ્ધિ કરાવશે. માતાના આશિર્વાદ પ્રાપ્ત થશે. આ સપ્તાહમાં વ્યવસાય કે કયાંક કોઈ સાથે ભાગીદારી હશે તો સાચવવું. નવી ભાગીદારી ન કરવી. દશમ કર્મ સ્થાને રાહુ તેમજ ચંદ્રની યુતિ આપશે. આથી વ્યવસાયમાં વિચારીને નિર્ણય લેવા. આરોગ્ય માટે 'આરામ હરામ હૈ' સૂત્ર અપનાવવું. રોજગારમાં આવક વધે. કામ કરવાની ક્ષમતામાં ઘટાડો આવે. લાંબી યાત્રા કરી શકો. સ્પર્ધાત્મક પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને અચાનક સફળતા મળવાના યોગ છે. સમય અમૂલ્ય છે. વ્યર્થ ન વેડફો. ગણેશની ઉપાસના કરો. દાન-ધર્મ કરશો. શુભત્વ પ્રાપ્ત થશે.

૫. સિંહ રાશિ :

સપ્તાહનાં શરુના દિવસો વિચલિત કરી શકે છે. સ્વાસ્થ્યમાં ફેરફાર જોશો. આરામ જરૂરી છે. અન્યથા થાકી જશો. નાણાંકીય રોકાણ યોગ્ય જગ્યાએ કરવું. જે સુરક્ષિત રહશે. નવા પ્રેમ સંબંધમાં વિશ્વાસ ન રાખવા. તમારી સૌ ઈર્ષ્યા કરશે તેવી આશંકા છે. વિદ્યાર્થીઓએ મહેનત પર વધુ ધ્યાન આપવું. નસીબ આધારે ન રહેવું. તમારી મહેનત તમને જરૂર ભારે સફળતા આપશે. રાહુની ઉપાસના કરવી. વૃદ્ધો તથા મજૂરોને ખવડાવવું. દાન-ધર્મ કરવા.

૬. કન્યા રાશિ :

આ સપ્તાહે ભાગ્યોદય થશે. તમારા પંચમ સંતાન - વિદ્યા ભાવમાં શનિ મહારાજ છે. જે વિખવાધ કરાવે. વિદ્યાર્થીઓને સફળતા વિલંબ કરાવે. સફળતા માટે ધૈર્ય ન ગુમાવવું. શૅર-સટ્ટાકીય બાબતો થોભો અને રાહ જુઓની સ્થિતિ છે. ગુરુ મહારાજ સાતમે વિગ્રહ ઊભો કરાવે. પરંતુ ધાર્મિક કાર્યો કરવાથી લગ્ન-જીવન મધુર બનશે. માનસિક શાંતિ પ્રાપ્ત કરશો. લોન લીધી હશે તો ચૂકવણું કરવું પડશે. સંપત્તિ એકઠી કરવા પ્રયાસ કરશો.

શિક્ષણ ક્ષેત્રે ભવિષ્યમાં સારા પરિણામ મળે તેમ આયોજન કરવું. મહેનત કરવી. ભવિષ્યમાં દરેક પરીક્ષાનું સારું પ્રદર્શન કરી શકશો.

૭. તુલા રાશિ :

આ સપ્તાહે બુદ્ધિ શક્તિથી યોગ્ય નિર્ણય લેશો. મસ્તક પીડા આપશે. આપના છઠ્ઠા રોગ સ્થાનમાં ગુરુ વક્રી છે. જો ડાયાબિટીસ જેવા રોગ હશે તો સાવચેત થઈજવું. શરીરની ચરબી ઘટાડવી જેથી ભાવિ રોગ સામે રક્ષણ મળે. ભાગ્યસ્થાને મંગળ-ચંદ્રની શુભ યુતિ ભાગ્યોદય કરાવશે.

જમીન - લેણ-દેણ ધંધો હશે તો ભાગ્ય સાથ આપશે. રચનાત્મક કાર્યો કરવા બહાર નીકળવું. આર્થિક લાભ થશે. મન રોકાણો પ્રત્યે આકર્ષાશે. મન કહે તેમ કરવું. ભાગીદારોના વ્યવસાયમાં રોકાણ ન કરવું. અસ્થિર નિર્ણયો અને સ્વભાવના કારણે પ્રેમિકા સાથે મતભેદ થાય. કચેરીમાં બેદરકારી વિના કાર્ય પૂર્ણ કરો. પદોન્નતિ મળશે. ગણેશ ઉપાસના કરશો.

૮. વૃશ્ચિક રાશિ :

આ સપ્તાહમાં ઘરેલું પરેશાનીઓ તમને તાણ આપી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવું. જાતે સારવાર કરવાનું ટાળવું. નાણાની ચોરી થવાની સંભાવના છે. સગાં-વહાલાંને મળવાનું રાખશો. સંબંધો વધુ સારા બનાવશો. જૂના મુદ્દા ભૂલી જશો. વ્યવસાયમાં ભાગાદીરી સફળ બનાવે. સારો નફો મેળવી શકશો. વિદ્યાર્થીઓ શિક્ષણ માટે વિદેશ જવા ઈચ્છતા હશે તો પ્રયત્ન ચાલુ રાખવા સફળતા પ્રાપ્ત થશે. પત્નીનું આરોગ્ય નબળું તમારા વૈવાહિક જીવનને અસર કરી શકે છે. વિદ્યાર્થીઓએ મહેનત કરવી પડશે. આધ્યાત્મિકતા વિદ્યામાં વધારો કરાવશે. હાડકાં વગેરેને આ સપ્તાહે ક્ષતિ ન પહોંચે તે જોવું. બિન જરૂરી પરાક્રમ ન કરવું. ભાઈઓ સાથે સુલેહ તમને શાંતિ પ્રધાન કરશે. માતાજીની ઉપાસના કરવી.

૯. ધન રાશિ :

આ સપ્તાહ સંસારમાં ખૂશનુમા લાવે. બગડેલા સંબંધો સુધરશે. ધંધાકીય કે અન્ય ભાગીદારીવાળા કામોમાં ગતિ આવશે.

અતિશય આહાર અને વારંવાર ખાવાની ટેવ સમસ્યાઓ આપશે. સ્વસ્થ રહેવા જૂની આદતો સુધારશો. નિયમિત કસરત કરશો. જૂના રોકાણથી ફાયદો થાય. પારિવારિક જીવનમાં આનંદ થશે. પ્રેમી માટે ખોટું અર્થઘટન પરેશાની લાવે. વિદ્યાર્થી માટે સમય ખૂબ જ શુભ રહેશે. આ સમય શિક્ષણ ક્ષેત્રે સફળતાનો માર્ગો ખુલી જશે. જૂના રોકાણથી ફાયદો થશે. આ સપ્તાહમાં શિવ ઉપાસના કરવી. અભિષેક કરવો.

૧૦. મકર રાશિ :

આ સપ્તાહે આપ માનસિક પીડા અનુભવશો. મસ્તકે પીડા થાય. પરંતુ ધૈર્ય રાખવાથી બધા પ્રશ્નોનો નિકાલ આવશે.

ભાઈ-ભાંડુનો સહકાર મળશે. પરંતુ વાદવિવાદથી દૂર રહેવું પડશે. નમતું જોખવું પડે આપ માતાની સેવા કરશો. આ સપ્તાહે સંપત્તિમાં વિવાદ ઊભો થઈ શકે. સમાધાનથી પ્રશ્નનો ઉકેલ આવશે. પૈસા ખોવાઈ જાય નહિ, ચોરાઈ જાય નહિ તેની કાળજી રાખશો. સાવચેતીનો સમય છે. બાળકો સાથે સમય પસાર કરશો. અધિકારી તરફથી સહકાર. વિદ્યાર્થી માટે મહેનત એ જ ઉપાય. શનિ મહારાજની ઉપાસના કરવી.

૧૧. કુંભ રાશિ :

આ સપ્તાહમાં આપે ધ્યાન રાખવું પડશે કે આરોગ્ય જીવન વાસ્તવિક મૂડી છે તેને અમલમાં મૂકશો. માનસિકતા બદલી સૌ સાથે આનંદ કરવો. હળીમળી રહેવું. આ સપ્તાહે કોઈ સારા સમાચાર મળશે. વ્યસન મુક્ત રહેશો તો લાભ થશે. કોઈને પણ પૈસા આપવાનું ટાળવું. વિશેષ વ્યક્તિ સાથે મિલન થઈ શકે છે. યાત્રા તમારી માટે પ્રતિકૂળ સાબિત થશે. તમારી શક્તિ, સંચય અને નાણાં ગુમાવશો. આ સમયમાં શુભ ગ્રહોનું સંયોજન સફળતા અપાવશે. વિદ્યાર્થીઓ માટે ખંતથી અભ્યાસ કરવો. કુટુંબના સભ્યો મળી ધાર્મિક કાર્યો / કરવા - દાન-ધર્મ કરવા. ભાગ્યોદય થશે. શનિ ઉપાસના કરવી. સાંજે ગરીબોને ભોજન કરાવવું.

૧૨. મીન રાશિ :

આ સપ્તાહ કાર્ય સફળ બનાવશે. સંત પુરુષના આશીર્વાદ મેળવવા જે માનસિક શાંતિ આપશે. અનિચ્છનિય ખર્ચ થવાની સંભાવના છે. જો કે આવકમાં સમતોલન જળવાઈ રહેશે. પારિવારિક શાંતિ જળવાઈ રહે તે જોશો. પ્રેમીઓ માટે સમય અમાપ વધવાનો છે. વિવાદ પ્રસંગોમાં સંબંધ બદલાઈ શકે. મનને અંકુશમાં રાખી યોગ્ય દિશામાં જવું વિદ્યાર્થીઓ તેમની નબળાઈને ઓળખી સુધારો કરી આગળ વધી શકશે. સમય ને ઓળખી યોગ્ય દિશામાં આગળ વધવું. કારણ છેલ્લો વિકલ્પ મહેનત જ છે. સંપત્તિમાં સકારાત્મક પરિણામ પ્રાપ્ત કરશો. નવા આયોજન થઈ શકે છે.